NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

રાજ્ય હેલ્પલાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૭૯૬૫
જિલ્લા હેલ્પલાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૩૧૫૩

જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા,
કન્યા શાળા નં. ૨, જેલ રોડ,
કેનરા બેંકની સામે, સુરેન્દ્રનગર
ફોન : ૦૨૭૫૨ ૨૮૫૪૧૪
E-Mail : dpcsurendranagar@gmail.com

ક્રમાંક નં. એસએસએ/P&M/૨૦૨૩/ ૯૮૬૪૨ - ૨૦૨૬૬ તા. ૦૬/૦૬/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી પ્રાથમિક શાળા
તા. તમામ, જિ.સુરેન્દ્રનગર.

**વિષય : G-20 બેઠક પૂર્વે જિલ્લા અને શાળા કક્ષાએ કરવાની પ્રવૃતિઓના આયોજન બાબત.**
**સંદર્ભ : સ્ટેટ પ્રોજેક્ટ કચેરીના પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૩/૨૬૦૪૪-૮૪, તા.૦૧/૦૬/૨૦૨૩**

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર નવી દિલ્હી દ્વારા G-20 નું આયોજન તા. ૧૬/૬/૨૦૨૩ થી ૨૨/૬/૨૦૨૩ સુધી પૂણે (મહારાષ્ટ્ર) મુકામે યોજાવા જઈ રહ્યું છે. G-20 ના આયોજન અંતર્ગત Ensuring Foundation Literacy and Numeracy, Especially in the Context of Blended Learning ની થીમ પર પ્રદર્શન પણ થઈ રહ્યુ છે. શિક્ષા મંત્રાલય, ભારત સરકારના પત્ર અનુસાર G-20 ના આયોજન પહેલાં તા. ૧/૬/૨૦૨૩ થી તા. ૧૫/૬/૨૦૨૩ સુધી નિપુણ ભારત અને FLN અંતર્ગત શાળા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ આ પત્ર સાથે જણાવેલ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે તે હેતુથી તમામ બાબતોનું પાલન થાય તે સુનિશ્રિત કરશો.

આ પત્ર સાથે આપેલ વિવિધ પ્રવૃતિઓ તા. ૧ થી ૧૫ જુન, ૨૦૨૩ દરમિયાન આપના તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં સુચારૂ રીતે યોજાય અને તેની માહિતી જેવી કે પ્રવૃતિ અહેવાલ, ફોટોગ્રાફસ, વિડીઓઝ, પ્રેસનોટ, વગેરે દૈનિક ધોરણે એમ.આઈ.એસ શાખા મારફત કરી વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે વધુમાં આપને જણાવવાનું કે આ પ્રવૃતિની માહિતી સમગ્ર દેશ કક્ષાએ સંગ્રહિત કરી તેને પ્રસિધ્ધ કરવાની હોઈ પ્રવૃતિના સમય ગાળા દરમિયાન ચોકકસપણે પ્રવૃતિ થાય અને તેનું યોગ્ય દસ્તાવેજીકરણ થાય તેની કાળજી લેવી અને તે માટે અહીં આપેલ લીંક http://forms.gle/FzNFMDERoHyoWczz5 પર દૈનિક ધોરણે માહિતી અપલોડ કરવી. સદર કાર્યક્રમના વધુ પ્રચાર-પ્રસાર અને જાગૃતતા માટે તાલુકા કક્ષાએ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિધ્ધ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડિનેટર -વ-
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
સુરેન્દ્રનગર.

<u>નકલ રવાના જરૂરી કાર્યવાહી અને અમલાર્થે :</u>
- એજ્યુકેશન ઈન્સપેક્ટરશ્રી, તા. તમામ, જિ.સુરેન્દ્રનગર.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા. તમામ, જિ.સુરેન્દ્રનગર.
- બીઆરસી કો.ઓર્ડીનેટરશ્રી, તા. તમામ, જિ.સુરેન્દ્રનગર.
- સીઆરસી કો.ઓર્ડીનેટરશ્રી, તા. તમામ, જિ.સુરેન્દ્રનગર.

<u>સવિનય નકલ રવાના :</u>
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.

CS CamScanner

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
Email-qecell@gmail.com

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૫/૨૦૨૩/ ૨૪૦૭૭-૮૭ તા-૧/૦૬/૨૦૨૩.

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી: અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા

વિષય: G20 બેઠક પૂર્વે જિલ્લા અને શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓના આયોજન બાબત.
સંદર્ભ: શિક્ષા મંત્રાલય, ભારત સરકારના પત્રક્રમાંક: D.O.No.1-4/2022-IS.13, તા.20/05/2023.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંતર્ગત સંદર્ભ દર્શિત પત્રના અનુસંધાને ભારત સરકાર, નવી દિલ્હી દ્વારા G20નું આયોજન તા.16/06/2023 થી 22/06/2023 સુધી પુણે(મહારાષ્ટ્ર) મુકામે યોજાવા જઈ રહ્યું છે. G20ના આ આયોજન અંતર્ગત Ensuring Foundational Literacy and Numeracy, Especially in the Context of Blended Learning ની થીમ પર પ્રદર્શન પણ થઈ રહ્યું છે. શિક્ષા મંત્રાલય, ભારત સરકારના પત્ર અનુસાર G20ના આયોજન પહેલાં તા.01/06/2023 થી તા.15/06/2023 સુધી નિપુણ ભારત અને FLN અંતર્ગત શાળા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ આ પત્ર સાથે જણાવેલ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે તે હેતુથી તમામ બાબતોનું પાલન થાય તે સુનિશ્ચિત કરશો.

આ પત્ર સાથે આપેલ વિવિધ પ્રવૃત્તિઓ તા.1 થી 15 જૂન 2023 દરમિયાન આપના જીલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં સુચારુ રીતે યોજાય અને તેની માહિતી, જેવી કે પ્રવૃત્તિ અહેવાલ, ફોટોગ્રાફ્સ, વિડીઓઝ, પ્રેસનોટ, વગેરે દૈનિક ધોરણે MIS શાખા મારફત એકત્ર કરી વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર ખાતે મોકલી આપવા વિનંતી છે. વધુમાં આપને જણાવવાનું કે આ પ્રવૃત્તિઓની માહિતી સમગ્ર દેશ કક્ષાએ સંગ્રહિત કરી તેને પ્રસિદ્ધ કરવાની હોઈ પ્રવૃત્તિઓના સમય ગાળા દરમિયાન ચોક્કસપણે પ્રવૃત્તિ થાય અને તેનું યોગ્ય દસ્તાવેજીકરણ થાય તેની કાળજી લેવી અને તે માટે અહીં આપેલ લિંક https://forms.gle/FzNFMDERoHyoWczz5 પર દૈનિક ધોરણે માહિતી અપલોડ કરવી. સદર કાર્યક્રમના વધુ પ્રચાર-પ્રસાર અને જાગૃતતા માટે તાલુકા/જિલ્લા કક્ષાએ પ્રિંટ, ઇલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિદ્ધ કરવા વિનંતી છે.

(મહેશ મહેતા)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

બિડાણ: તારીખ મુજબ જિલ્લા અને શાળા કક્ષાએ યોજવાની પ્રવૃત્તિઓની યાદી.

નકલ સવિનય રવાના:

- માન.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન.એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, GCERT, ગાંધીનગર

CamScanner

## G-20 અંતર્ગત જન-ભાગીદારી કાર્યક્રમ હેઠળ જિલ્લા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓની વિગત

તારીખ: ૧/૬/૨૦૨૩ થી ૧૫/૬/૨૦૨૩

૧. નિપુણ ભારત અંતર્ગત જિલ્લા કક્ષાએ શિક્ષણ ખાતાના પદાધિકારીઓ, ડાયટ પ્રતિનિધિઓ, શાળા, ક્લસ્ટર, બ્લોક કક્ષાના પ્રતિનિધિઓ, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સમુદાયના પ્રતિનિધિઓ, વગેરેને આમંત્રિત કરી બાળકોમાં પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાનની ગુણવત્તામાં સુધાર લાવવા અને રોડ-મેપ બનાવવા લગભગ ૫૦ સહભાગીઓ સાથેના એક દિવસીય ચિંતન શિબિરનું આયોજન કરવું.

૨. G-20 અંતર્ગત જન-ભાગીદારી કાર્યક્રમ હેઠળ તા. ૧/૬/૨૦૨૩ – ૧૫/૬/૨૦૨૩ દરમિયાન આપના જિલ્લામાં શાળા કક્ષાએ યોજાયેલી પ્રવૃત્તિઓમાંથી ચુનંદા, શ્રેષ્ઠ ૫ પ્રવૃત્તિઓની જિલ્લા કક્ષાએ એક દિવસીય પ્રસ્તુતિ/પ્રદર્શન તારીખ ૧૩/૬/૨૩ – ૧૫/૬/૨૩ દરમિયાન યોજવું.

3. નિપુણ ભારત અંતર્ગત પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન (FLN)માં આપની શાળાઓમાં અમલીકૃત અધ્યયન – અધ્યાપનની બેસ્ટ-પ્રેક્ટિસીઝ અને સ્થાનિક TLMનું જિલ્લા કક્ષાએ એક દિવસીય પ્રદર્શન તારીખ ૧/૬/૨૩ – ૧૫/૬/૨૩ દરમિયાન યોજવું.

G-20 અંતર્ગત જન-ભાગીદારી કાર્યક્રમ હેઠળ શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિઓનું આયોજન

તારીખ: ૧/૬/૨૦૨૩ થી ૧૫/૬/૨૦૨૩

| તારીખ | પ્રવૃત્તિ | ઇન-ચાર્જ/ સહભાગીઓ | ધોરણ/જૂથ | પ્રવૃત્તિ અંગેના મુદ્દા | સંદર્ભ/ થીમ |
|---|---|---|---|---|---|
| ૧/૬/૨૩ | SMC જાગૃતિ બેઠક<br>FLN ડોક્યુમેન્ટરીની લિંક્સ<br>1) https://www.youtube.com/watch?v=8OzerRQJmXg<br>2) https://www.youtube.com/watch?v=kAcBtY7s2NM<br>3) https://www.youtube.com/watch?v=1HhhPPhQJdA | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિનાં સભ્યો | ૧ થી ૮ | પાયાના શિક્ષણની અગત્યતા સંદર્ભે જાગૃતિ અંગે ચર્ચા | G-20 NEP FLN |
| ૨/૬/૨૩ | વાલી શિક્ષક મીટીંગ | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિનાં સભ્યો | ધો. ૧ થી ૮ | શેરી અને શાળામાં શાળા નીતિ, વાર્ષિક આયોજન, ભાગીદારી સંદર્ભે જાગૃતિ અંગે ચર્ચા | G-20 NEP digital initiatives |
| 3/૬/૨૩ | વૃક્ષારોપણ | આચાર્ય, શિક્ષક, વાલી વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | શાળા પરિસર અને આસપાસમાં વૃક્ષારોપણ | G-20 |

CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | અને પર્યાવરણ સંવર્ધન બાબતે માહિતી | |
| ૪/૬/૨૩ | વોલ પેઈન્ટીંગ | આચાર્ય, શિક્ષક, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૫ થી ૮ | G-20 થીમ આધારિત વિષયવસ્તુના સંદર્ભનાં ચિત્રો | G-20 NEP FLN |
| ૫/૬/૨૩ | કાવ્ય પઠન | શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૩ થી ૮ | વિદ્યાર્થીઓના વય અને કક્ષા મુજબ પર્યાવરણ, પરની-પક્ષી-ફૂલ, શાકભાજી, ઋતુઓ જેવા વિષયો સંદર્ભિત કાવ્ય | NEP FLN |
| | વકતૃત્વ સ્પર્ધા | આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | G-20 થીમ આધારિત વિષયવસ્તુ | G-20 NEP FLN |
| ૬/૬/૨૩ | સાયકલ રેલી | આચાર્ય, શિક્ષક, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | FLN/નિપુણ અભિગમ અને મિશન બાબતે જાગૃતિ લાવવા માટે | NIPUN NEP FLN |
| ૭/૬/૨૩ | રંગોળી સ્પર્ધા | આચાર્ય, શિક્ષક, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૩ થી ૮ | પર્યાવરણ અને G-20 થીમ આધારિત | G-20 NEP |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮/૬/૨૩ થી ૧૦/૬/૨૩ | સમર કેમ્પ | આચાર્ય, શિક્ષક, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૧ થી ૪ | સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ, સ્થાનિક કલા, હસ્તકલા, સંસ્કૃતિ, પરંપરા, સર્જનાત્મક બાબતો | G-20 NEP FLN |
| ૧૦/૬/૨૩ | માતૃ કાર્યશાળા | આચાર્ય, શિક્ષક, માતાઓ, વિદ્યાર્થીઓ | ધો. ૫ થી ૮ | સ્વાસ્થ્ય, સ્વચ્છતા, પોષણ, સુરક્ષા, સ્થાનિક કલા, હસ્તકલા, હુન્નર આધારિત પ્રવૃત્તિઓ | NEP FLN |
| ૧૧/૬/૨૩ | કમ્યુનીટી ફેર | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિ, સ્થાનિક દાતા, સ્વૈચ્છિક સંગઠન, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૧ થી ૮ | સ્થાનિક કલા, હસ્તકલા, હુન્નર, સામાજિક અને શૈક્ષણિક જાગૃતિની ચર્ચા અને પ્રદર્શન | G-20 NEP FLN |
| | સ્પોર્ટ્સ કોમ્પીટીશન | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિ, સ્થાનિક દાતા, સ્વૈચ્છિક સંગઠન, | ધો. ૩ થી ૮ | વિવિધ સ્થાનિક ઇન્ડોર અને મેદાની રમતો | G-20 NEP |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | સમુદાય, વિદ્યાર્થીઓ | | | |
| ૧૨/૬/૨૩ | રોલ પ્લે | આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૧ થી ૫ | પર્યાવરણ, પશુ-પક્ષી, વ્યવસાયકારો, રાષ્ટ્રીય નેતાઓ, પ્રતિભાઓ વગેરે આધારિત | G-20 NEP FLN |
| | શેરી નાટક | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિ, સ્થાનિક દાતા, સ્વૈચ્છિક સંગઠન, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | શિક્ષણ, સુરક્ષા-સલામતી, રીતી-રીવાજ, સંસ્કાર-નીતિ-મૂલ્યો આધારિત | G-20 NEP FLN |
| ૧૩/૬/૨૩ | અધ્યયન નિષ્પત્તિ આધારિત ક્રિયાગીત પ્રસ્તુતિ (એક્શન સોંગ) | આચાર્ય, શિક્ષક, વાલી સમિતિ, સ્થાનિક દાતા, સ્વૈચ્છિક સંગઠન, સમુદાય, વિદ્યાર્થીઓ | ધો. ૧ થી ૩ | પર્યાવરણ, ભાષા, અંકજ્ઞાન જેવા વિષય આધારિત | NIPUN NEP FLN |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ક્વીઝ સ્પર્ધા | આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | સામાન્ય જ્ઞાન અને સાંપ્રત પ્રવાહો આધારિત પ્રશ્નો | G-20 NEP FLN |
| ૧૪/૬/૨૩ | ઘડિયાગાન | શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૩ થી ૫ | ધોરણ અને વય કક્ષા મુજબ અંકજ્ઞાન આધારિત | NIPUN NEP FLN |
| ૧૫/૬/૨૩ | પોસ્ટર નિર્માણ | આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થીઓ | ધો. ૬ થી ૮ | G-20 અને NEP આધારિત | G-20 NEP |
| | શિક્ષણમાં કરેલા નવાચાર, પ્રયોગો, પ્રયત્નો-પ્રયાસોની ટૂંકી ફિલ્મ-કેસ સ્ટડીનો વિડીઓ | આચાર્ય, શિક્ષક, વાલી | ધો. ૧ થી ૮નાં શિક્ષક/વાલી | પાયાના શિક્ષણ. G-20, FLN અને NEP આધારિત | G-20 NIPUN NEP FLN |

ઉપરોક્ત પ્રવૃત્તિની માહિતી શાળાઓએ નીચેની લીંકમાં નિયમિત અપલોડ કરવી:
https://forms.gle/FzNFMDERoHyoWczz5